# વૈદિક જ્યોતિષ સંસ્થાન રજી

'વિશ્વકુંજ સોસાયટી' ૧૨૧ / ૪૪-ડી, સેક્ટર-૧, ચારકોપ, કાંદીવલી (વેસ્ટ),
આર.એ.સી. ૧૭, મુંબઇ-૪૦૦ ૦૬૭. ૯૩૨૨૨ ૬૧૭૦૯ / ૭૦૪૫૪૭૦૬૬૧


## સંવત ૨૦૭૮ મકર સંક્રાંતિનું ફળ

વિક્રમ સંવંત ૨૦૭૮ પ્રમાદી નામ સંવત્સરે અને શાલિવાહન શકે ૧૯૪૩ માં પ્લવ નામ સંવત્સરે, ઉત્તરાયણ-શિશિર ઋતુમાં પૌષ માસે શુક્લપક્ષે બારસ તિથિએ, શુક્રવારે ઉત્તરાષાઢા મહાનક્ષત્રમાં તથા રોહિણી નક્ષત્રમાં, બ્રહ્મ યોગમાં, બાલવ કરણમાં, વૃષભ રાશિના ચંદ્રમાં, નિરયન સૂર્યનારાયણ તા ૧૪/૦૧/૨૦૨૨ ના ૧૪:૩૦ મિનિટે નિરયન મકર રાશિમાં પ્રવેશ કરવાના હોઈ સંક્રાંતિનો પુણ્યકાળ :- ૧૪/૦૧/૨૦૨૨ શુક્રવારના સમય ૧૪:૩૦:૦૦ મિ થી સાંજે ૧૮:૧૯:૦૦ સુધી છે. બાલવ કરણમાં સંક્રાંતિ પ્રવેશ હોવાથી સંક્રાંતિનું ચિત્ર તથા વાહનાદિ નીચે મુજબ છે.

સંક્રાંતિ ઉત્તર માંથી વાઘ તથા અશ્વ ઉપવાહન દ્વારા દક્ષીણ તરફ ગમન કરે છે, તેનું મુખ પૂર્વ દિશા તરફ અને દ્રષ્ટિ નૈઋત્ય ખૂણા તરફ છે.



( સંક્રાતિના નક્ષત્રના પહેલાના નક્ષત્રથી જન્મનક્ષત્ર સુધી ગણવું જો ૩ સુધીમાં ગમન, ૯ માં સુખ, ૧૨ માં પીડા, ૧૮ માં વસ્ત્રપ્રાપ્તિ, ૨૧ માં ધન હાનિ, ૨૭ માં ધનની પ્રાપ્તિનું ફળ આપે છે.)

**www.vedicjyotishsansthanmumbai.com** પાછળ જુઓ..

## સંક્રાતિએ ધારણ કરેલી વસ્તુઓ તથા વાર પરત્વે ગમનાગમન

| | | | |
|---|---|---|---|
| વાહન | વાઘ | ઉપવાહન | અશ્વ |
| વસ્ત્ર | પીળુ | તિલક | કેશર |
| જાતિ | સર્પ | પુષ્પ | જૂઈ |
| વય | કુમારી | ભક્ષણ | દૂધપાક |
| આભૂષણ | મોતી | ભોજપાત્ર | ચાંદી |
| કંચૂકી | પર્ણ | સ્થિતિ | બેઠેલી |
| આયુધ | ગદા | વારનામ | મિશ્રા |
| નક્ષત્રનામ | નંદા | સુખી | પશુ |
| આગમન | ઉત્તર | ગમન | દક્ષીણ |
| મુખ | પૂર્વ | દ્રષ્ટિ | નૈઋત્ય |
| સામુદાય મુહુર્ત | | ૪૫ સમર્ધ | |

**સંક્રાતિએ કરવાના કર્તવ્યો :-** સંક્રાતિના પુણ્યકાળના સમયે તલમિશ્રિત જળ થી સ્નાન કરવું, તલનું અભ્યગં શરીર પર લગાડવું, તલનો હોમ કરવો, તલ મિશ્રિત પાણી પીવું, તલ ખાવા આમ તલનો મહત્તમ ઉપયોગ કરવો , તીર્થ સ્નાન કરવું. તલ મિશ્રિત જળથી મહાદેવજી પર અભિષેક કરી વિધિવત પૂજા કરવી, વડીલો તથા પિતૃઓને પ્રસન્ન કરવા, સૂર્યની ઉપાસના કરવી, ને દૂધનો અભિષેક કરવો, યથા શર્ક્તિ મંત્રનું , સ્તોત્રોનું પઠન કરવાથી બધાજ પ્રકારના દુ:ખોનો નાશ થાય છે. તલની સુખડીનું ભોજન કરવું વગેરે...

**સંક્રાતિએ કરવાનું દાન:-** સંક્રાતિના પુણ્યકાળના સમયે તલના લાડવામાં સોનું-ચાંદી કે પૈસાના સિક્કા મૂકી ગુપ્તદાન કરવું.બ્રાહ્મણોને, સંતો-સાધુને,ગરીબોને વસ્ત્રદાન, અન્નદાન, ધાબળાદાન, ગરમવસ્ત્રોનું દાન, કાપડનું દાન, નવા વાસણો, ગાયોને ઘાસ-ચારો નાંખવો તથા તલ, સોનું, ભૂમિ,ગાય, ઘોડા, વસ્ત્રો, આદિનું શક્તિ અનુસાર દાન કરવું.

**સંક્રાતિનું ફળ :-** આ વખતે સંક્રાતિનું આગમન ઉત્તર માંથી અને ગમન દક્ષીણ તરફ હોવાથી ભારતમાં દક્ષીણ પ્રાંતોમાં અશાંતિ વર્તાશે જ્યારે ઉત્તર તરફના પ્રદેશોમાં વર્ષના પુર્વારર્ધમાં તકલીફ રહે ત્યાર બાદ શાંતિ વર્તાશે, મુખ પૂર્વ તરફ અને દ્રષ્ટિ નૈઋત્ય તરફ છે તેથી આ તરફના પ્રદેશોમાં ખાસ ભારતના અને દુનિયાના પૂર્વ અને નૈઋત્ય દિશાના દેશ પ્રદેશોમાં કુદરતી કે માનવસર્જિત આફતોની સંભાવના રહે, વાઘ અને અશ્વ વર્ગના પશુઓને ત્રાસમળે સાથે સાથે પ્રીમયમ લક્જરી કારોઅને ભારી મોંઘા દ્વિચક્રી વાહનો અને મોભાદાર વાહનો મોંઘા અને આ પ્રકારના વાહનો ખોટકાવાના બનાવ વારંવાર બને પીળા રંગના વસ્ત્રો અને વસ્તુઓ તથા રંગ મોંઘા થાય, પીલા રંગનું કાપડ તથા યાર્ન મોંઘા થાય, આવર્ષ દરમ્યાન ભોજપાત્ર ચાંદીનું હોવાથી ચાંદી અને ચાંદી થી બનતા બધાજ પ્રકારના આભુષણો તથા ચાંદી વપરાતી હોય તેવી બધીજ વસ્તુઓ મોંઘી થશે, વય કુમારી હોવાથી કુમારી ઓમાં શારીરિક ત્રાસનું પ્રમાણ વધે, ભક્ષણ દૂધપાક હોવાથી તમામ પ્રકારની દૂધમાંથી બનતી બધીજ વસ્તુઓ મોંઘી થાય, જે વ્યક્તિઓ બેઠેલી કે બેસીને કામ કરતા હોય તેમને શારીરીક તકલીફો થાય, આભૂષણ મોતીનું હોવાથી આ પ્રકારના મોતી દ્વારા બનતા આભુષણો મોંઘા થશે, તિલક કેશરનું હોવાને કારણે આ વર્ષે કેશર તથા કેશર દ્વારા બનતા દરેક પ્રકારના અત્તરો તથા એમાંથી બનતી મિઠાઈ તથા દવા ઓ મોંઘી થશે, સમુદાય મુહૂર્ત ૪૫ સમર્ધ હોવાથી મોંઘવારીમાં રાહત રહે, પુષ્પ જુઈનું ધારણ કરેલું હોવાને કારણે એ પ્રકારના પુષ્પો મોંઘા થશે, કંચુકી પર્ણ એટલે આ વર્ષે ફેશન ઉદ્યોગમાં લીલા રંગની અછત સર્જાય, આયુધ ગદા હોવાના કારણે આ વર્ષ દરમ્યાન અસ્ત્ર અને શત્રો નો ઉપયોગ વધુ થાય અને અતિ મોંઘા થશે, જાતી સર્પ હોવાને કારણે સર્પોને લગતી ઘટનાઓ તથા સંશોધનો અટકી શકે, પશુઓ વર્ષ દરમ્યાન સુખી થશે, આવર્ષે રાજા શનિ છે નેતા ઓ આપસ માં ટકરાતા રહે, જગતમાં યુદ્ધના ઓછાયો રહે, સરહદી હુમલા થતા રહે, વરસાદ સારો રહે, અજ્ઞાત રોગચાળાનો ભય યથાવત રહે, આવનારા સપ્ટેમ્બર સુધી વિપક્ષો દ્વારા આરોપ પ્રત્યારોપ સતત ચાલતા રહે, દેશ દેશાવરમાં ભારત નામના મેળવે, શેરબજારમાં સ્થીરતા વર્તાસે, ભારતને આર્થીક સ્થીરતા અને સ્વાવલંબન ગતિ મળે આ વર્ષ દરમ્યાન મની લોન્ડરીંગના હજી અનેક સ્કેન્ડલો બહાર આવે સરકારની હજી વધુ કડક પગલા નો સંકેત મળે છે.

**વૈદિક જ્યોતિષ સંસ્થાન: જ્યોતિષ શિખો.. સ્વ અને લોકોનું કલ્યાણ કરો.**